# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 07-08-2024 સવારે : 9.00 થી 9.10

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ન્યૂઝિલેન્ડના ત્રણ દિવસીય પ્રવાસે.
- ✓ નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યૂનુસને બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના પ્રમુખ નિયુક્ત કરાયા.
- ✓ ખેડૂતોને અપાતા કૃષિ ધિરાણમાં દોઢ ટકાની છૂટ, જ્યારે સમયસર લોન ચૂકવાતા વ્યાજદરમાં ત્રણ ટકાની છૂટ આપવા ધિરાણ સંસ્થાઓને RBIની સૂચના.
- ✓ આજે રાષ્ટ્રીય હાથશાળ દિવસ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ ઉતકૃષ્ટ પ્રદાન કરનારા હાથશાળ વણકરોને સમ્માનિત કરશે.
- ✓ અને પેરિસ ઑલિમ્પિકની કુશ્તી સ્પર્ધામાં આજે વિનેશ ફોગાટ સુવર્ણ ચંદ્રક માટે મેદાનમાં ઉતરશે.

## *REV. PREZ- NEW ZEALAND*

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ન્યૂઝિલેન્ડના ઑકલેન્ડ ખાતે ત્રણ દિવસીય પ્રવાસે પહોંચી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ ન્યૂઝીલેન્ડના ગવર્નર જનરલ કિરો અને પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લુક્સોન સાથે દ્વીપક્ષીય બેઠક કરશે. શ્રી મુર્મુ અહીં શિક્ષણ સંમેલનને સંબોધન કરશે, ઉપરાંત ભારતીય સમુદાયના લોકો સાથે સંવાદ કરશે.**

રાષ્ટ્રપતિ મુર્મુ બે દિવસના ફિજિ પ્રવાસ બાદ ન્યૂઝીલેન્ડ પહોંચી રહ્યા છે. તેઓ પ્રથમ ભારતીય રાષ્ટ્રપતિ છે, જેઓ પ્રશાંત દેશોની મુલાકાત લઈ રહ્યા છે.

.................

## *BANGLADESH GOVERNMENT*

બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યૂનુસને વચગાળાની સરકારના પ્રમુખ નિયુક્ત કર્યા છે. ગઈકાલે ઢાકામાં રાષ્ટ્રપતિ ભવન – બંગભવનમાં સૈન્યના ત્રણેય પાંખના વડાઓ, વિદ્યાર્થી આંદોલનના 13 સભ્યોના પ્રતિનિધિ મંડળ સાથે થયેલી બેઠક બાદ રાષ્ટ્રપતિએ આ નિર્ણયની જાહેરાત કરી હતી.

રાષ્ટ્રપતિના મીડિયા સચિવે મોડી રાતે પત્રકારોને જણાવ્યું હતું કે વિવિધ રાજકીય પક્ષો સાથે ચર્ચા -વિમર્શ બાદ અંતરિમ સરકારના અન્ય સભ્યોના નામ વિશે નિર્ણય કરાશે. ગઇકાલે રાષ્ટ્રપતિએ સંસદ બરખાસ્ત કરી હતી.

84 વર્ષિય મોહમ્મદ યૂનુસને ગ્રામીણ બૅંકના માધ્યમથી ગરીબી નાબૂદી ઝુંબેશ માટે વર્ષ 2006માં નોબોલ શાંતિ પુરસ્કારથી સમ્માનિત કરાયા હતા.

સોમવારે રાજકીય અવકાશની સ્થિતિને પગલે લશ્કરે સત્તા સંભાળ્યા બાદ પણ દેશભરમાં હિંસાની ઘટનાઓ સામે આવી છે. જુલાઈના મધ્યમાં ફરી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનોમાં મૃતકોની સંખ્યા વધીને 40 થઈ ગઈ છે. જ્યારે કે અત્યાર સુધીમાં કુલ 300થી વધુના મોત થઈ ચૂક્યા છે.

દરમિયાન બાંગ્લાદેશ રાષ્ટ્રીય પક્ષ -બીએનપી પ્રમુખ અને પૂર્વ પ્રધાનમંત્રી ખાલિદા ઝીયાને નજરકેદમાંથી મુક્ત કરી દેવાયા છે. પૂર્વ પ્રધાનમંત્રી છેલ્લા લાંબા સમયથી બીમાર હોવાના અહેવાલ છે.

.................

## *JAYSHANKAR BANGLADESH*

પાડોશી દેશ બાંગ્લાદેશમાં તણાવ અને હિંસાની સ્થિતિને જોતા કેન્દ્ર સરકાર ભારતીય નાગરિકોના સતત સંપર્કમાં હોવાનું કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યુ છે..

ગઈકાલે બાંગ્લાદેશની સ્થિતિ વિશે સંસદના બંને ગૃહોને સંબોધતા વિદેશ મંત્રીએ જણાવ્યું કે, સરકાર બાંગ્લાદેશમાં લઘુમતિઓની સ્થિતિ સંદર્ભે નજર રાખી રહી છે.

ડૉ. જયશંકરે લોકસભા અને રાજ્યસભામાં માહિતી આપતા જણાવ્યું કે હાલમાં લગભગ 19 હજાર ભારતીય નાગરિકો બાંગ્લાદેશમાં છે, જેમાં 9 હજાર જેટલાં ભારતીય વિદ્યાર્થીઓ છે. તેમણે કહ્યું કે ઢાકામાં ઉચ્ચાયુક્તની સલાહ પર મોટા ભાગના વિદ્યાર્થીઓ ગત મહિને જ  ભારત પરત ફર્યા છે.

.................

## *INDIA ADVISORY*

મધ્ય પૂર્વમાં તણાવની સ્થિતિને જોતા વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને જરૂરી ન હોય તેવી સ્થિતિમાં લિબિયા પ્રવાસ ટાળવાની સલાહ આપતી માર્ગદર્શિકા જાહેર કરી છે. મંત્રાલયે અગાઉ 23 મે, 2024ના રોજ ભારતીય નાગરિકોના લિબિયા પ્રવાસ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. જોકે લિબિયાની હાલની સ્થિતિને જોતા આ પ્રતિબંધમાં છૂટ આપવામાં આવી છે. મંત્રાલયે ભારતીય પ્રવાસીઓ માટે આપાત નંબર 0218-94 39 92046 જાહેર કર્યો છે, મુશ્કેલીની સ્થિતિમાં ત્રિપોલીના ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે ઇરાન, હિજબુલ્લાહ અને ઇઝરાયેલ વચ્ચેના તણાવને કરાણે મધ્ય પૂર્વમાં ચિંતાનો માહોલ છે.

.................

## *RBI-INTEREST SUBVENTION*

કેન્દ્ર સરકાર દ્વારા સંશોધિત વ્યાજ સહાયતા યોજનાને ચાલુ રાખવાના નિર્ણયને ધ્યાનમાં રાખીને ભારતીય રિઝર્વ બેંક - RBIએ , બેંકોને પાક લોન,

પશુપાલન, ડેરી, મત્સ્યઉછેર, મધમાખી ઉછેર સહિતની સંબંધિત પ્રવૃત્તિઓ માટે ઓછા વ્યાજ દરે ટૂંકા ગાળાની લોન આપવા જણાવ્યું છે. ખેડૂતોને 7 ટકાના વ્યાજ દરે 3 લાખ રૂપિયાની મર્યાદિત રકમ આપવામાં આવશે.

RBIએ એક જાહેરનામામાં જણાવ્યું છે કે, ધિરાણ આપતી સંસ્થાઓને વર્ષ 2024-25 માટે વ્યાજમાં દોઢ ટકાની છૂટ મળશે. જે ખેડૂતો તેમની લોન સમયસર ચૂકવશે તેમને વ્યાજમાં ત્રણ ટકા વધારાની છૂટ આપવામાં આવશે. RBIએ વધુમાં ઉમેર્યું કે, ટૂંકા ગાળાની લોન લેવા માટે આધાર નંબર લિંક કરવું ફરજિયાત રહેશે.

દરમિયાન,ખેડૂતો દ્વારા વિકટ પરિસ્થિતિમાં ઉપજ વેચાણને અટકાવવા અને વેરહાઉસમાં ઉત્પાદનના સંગ્રહને પ્રોત્સાહિત કરવા કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ નાના અને સીમાંત ખેડૂતોને લણણી પછી છ મહિનાના વધારાના સમયગાળા માટે વ્યાજમાં છૂટનો લાભ મળશે.

..................

## *SBI CHAIRMAN*

કેન્દ્ર સરકારે ભારતીય સ્ટેટ બૅંક -SBIના ચેરમેન તરીકે સી એસ શેટ્ટીની નિમણૂંક કરી છે. કેબિનેટની નિમણૂંક સમિતિએ ત્રણ વર્ષના સમયગાળા માટે શ્રી શેટ્ટીની નિમણૂંક માટે નાણાકીય સેવાઓ વિભાગના પ્રસ્તાવને મંજૂરી આપી છે. તેઓ વર્તમાન ચેરમેન દિનેશ કુમાર ખારાનું સ્થાન લેશે.

..................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

..................

## *HANDLOOM DAY*

આજે 10મો રાષ્ટ્રીય હાથશાળ દિવસ ઉજવાઈ રહ્યો છે. આ પ્રસંગે ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ હાથશાળ ઉદ્યોગ ક્ષેત્રે ઉતકૃષ્ટ પ્રદાન કરનારા વણકરોને સંત કબીર અને રાષ્ટ્રીય હાથશાળ પુરસ્કારથી સમ્માનિત કરશે.

કાર્યક્રમ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ ભારતમાં હાથશાળ પરંપરામાં ટકાઉપણુ નામના પુસ્તકનું અનાવરણ પણ કરશે.

.................

## *OLYMPIC*

ભારતીય મહિલા કુશ્તીના ઇતિહાસમાં આજે મહત્વનો દિવસ છે. ઑલિમ્પિક કુશ્તી સ્પર્ધાની ફાઇનલમાં પહોંચનારા પ્રથમ ભારતીય ખેલાડી વિનેશ ફોગાટ આજે સુવર્ણ ચંદ્રક માટે 50 કિલોગ્રામ વજન વર્ગની સ્પર્ધામાં ભાગ લેશે.

વિનેશનો મુકાબલો અમેરિકાની ખેલાડી સારા એન હિલ્ડેબ્રાંટ સાથે થશે. ભારતીય સમય અનુસાર રાતે 9 વાગીને, 45 મિનિટે આ મેચ શરૂ થશે.

મનિકા બત્રા, શ્રીજા અકુલા અને અર્ચના કામથ આજે ટેબલ ટેનિસની સેમિફાઇનલમાં પહોંચવા માટે જર્મીની સામે રમશે. આ મેચ બપોરે 1 વાગીને 30 મિનિટે શરૂ થશે. તો મેરાથોન રેસ વૉક રિલે મિક્સ્ડમાં સુરજ પનવર અને પ્રિંયકા ચૌધરી સવારે 11 વાગે મેદાનમાં ઉતરશે.

પુરુષો માટેની 3 હજાર મીટર સ્ટીપલચેજ ફાઇનલમાં આજે અવિનાશ સાબલે ચંદ્રક માટે મેદાનમાં ઉતરશે. સાંજે ટોકિયો ઓલિમ્પિકમાં ચંદ્રક વિજેતા મીરાબાઇ ચાનૂ મહિલાઓ માટેની વેઇટ લિફ્ટિંગની 49 કિલોગ્રામ વજન વર્ગ સ્પર્ધામાં ભાગ લેશે.

.................

## *IMD-WEATHER*

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી કરી છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વ મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડમાં આજે ભારે વરસાદ થવાની સંભાવના છે. દરમિયાન આજે તમિલનાડુ, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ગોવામાં તેમજ જમ્મુ-કાશ્મીર, પૂર્વ ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં આગામી બે થી ત્રણ દિવસ ભારે વરસાદની સ્થિતિ યથાવત રહેશે. આગામી ચાર દિવસ દરમિયાન આસામ અને મેઘાલય સહિત પૂર્વોત્તરના રાજ્યો માટે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન દિલ્હીમાં વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

.................

## *US-KAMALA-HARRIS*

અમેરિકાની ડેમોક્રેટિક પાર્ટીએ ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરિસને સત્તાવાર રીતે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કર્યા છે. તેઓ કોઈ મોટા રાજકીય પક્ષ તરફથી રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવાર જાહેર થનાર પ્રથમ ભારતીય મૂળના વ્યક્તિ બન્યા છે. પક્ષના નિવેદન અનુસાર, 99 ટકા પ્રતિનિધિઓએ હેરિસની ઉમેદવારીની તરફેણમાં મતદાન કર્યું હતું. તેમની વરણી બાદ હેરિસે મિનેસોટાના ગવર્નર ટિમ વોલ્ઝને ઉપ-રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે ચૂંટ્યા છે. ડેમોક્રેટિક નેતાઓ દ્વારા પાંચ દિવસ સુધી ચાલનારી ઓનલાઇન મતદાનની પ્રક્રિયાના અંતે હેરિસની ઉમેદવારીનો સત્તાવાર રીતે સ્વીકાર થયો છે.

.................

## *JAISHANKAR-BILATERAL*

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઇકાલે નવી દિલ્હીમાં સેન્ટ કિટ્સ અને નેવિસના વિદેશ મંત્રી ડેન્ઝિલ ડગ્લાસ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને દેશોના વિદેશ મંત્રીઓએ ડિજિટલ સેવાઓ, સ્વાસ્થ્ય, ખાદ્ય સુરક્ષા અને ક્ષમતા નિર્માણમાં દ્વિપક્ષીય ભાગીદારી વધારવા પર ચર્ચા કરી હતી . ડૉ. જયશંકરે

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે તેમણે બહુપક્ષીય મંચો પર વિકાસશીલ દેશોને સહાય અંગે વાતચીત કરી હતી. બંને વિદેશ મંત્રીઓએ દ્વિપક્ષીય રાજકીય પરામર્શને વેગ આપવા માટે એક સમજૂતી પત્ર પર પણ હસ્તાક્ષર કર્યા હતા .

.................

## ***AMRIT UDYAN***

રાષ્ટ્રપતિ ભવન ખાતે આવેલ અમૃત ઉદ્યાન, 16મી ઓગસ્ટથી 15મી સપ્ટેમ્બર સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની હાજરીમાં 14મી ઓગસ્ટે "અમૃત ઉદ્યાન સમર એન્યુઅલ એડિશન 2024" ઔપચારિક રીતે શરૂ થશે. પ્રથમ વખત, 29મી ઓગસ્ટના રોજ "રાષ્ટ્રીય રમત-ગમત દિવસ" નિમિત્તે અમૃત ઉદ્યાન ફક્ત ખેલાડીઓ માટે ખોલવામાં આવશે અને પાંચમી સપ્ટેમ્બરે "શિક્ષક દિવસ" નિમિત્તે શિક્ષકો માટે આરક્ષિત રાખવામાં આવશે. જાહેર જનતા રાષ્ટ્રપતિ ભવનના પ્રવેશ દ્વાર નંબર 35થી અમૃત ઉદ્યાનમાં પ્રવેશ કરી શકશે. અમૃત ઉદ્યાનમાં પ્રવેશ માટે રાષ્ટ્રપતિ ભવનની સત્તાવાર વેબસાઇટ અને પ્રવેશ દ્વાર નંબર 35ની બહાર સ્થિત કિઓસ્ક દ્વારા ઓનલાઈન બુકિંગ કરી શકાશે.

.................